જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૩/૨૦૧૬ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૯૯ લીટર દેશી દારૂ, ૬૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૭૧/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૭૨/૧૬**

**શહેરકોટડાઃ** જગદીશચંદ્ર જેઠાલાલ સોનારા (ઉ.વ.૪૧) )રહે.અપેક્ષા પાર્ક સોસાયટી ખેડા બાવડા રોડ કલીકુંડ એરીયા તાલુકો ધોળકા) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જગદીશચંદ્ર તા.૧૦/૩/૧૬ કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે કુબેરનગરથી કાલુપુર જવા માટે એક ઓટોરિક્ષામાં બેઠા હતા ત્યારે અનિલ સ્ટાર્ચ રોડ સોનિયા સીરામીક ચાર રસ્તા નજીક આવતા આગળ પોલીસ છે તેમ કહી રિક્ષા ચાલકે રિક્ષામાં આગળ બેઠેલ બે પુરૂષને પાછળની સીટમાં બેસાડયા હતા. આ સમયગાળા દરમ્યાન એકબીજાની મદદગારી કરી જગદીશચંદ્રની નજર ચુકવી જગદીશચંદ્રના પેન્ટનુ ખીસ્સુ કાપી રોકડ રૂપિયા ૪૫,૫૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર મકવાણા ચલાવે છે .

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૪૭૩/૧૬**

| | |
|---|---|
| **ચાંદખેડાઃ** તારાબહેન હિમ્મતભાઈ પરમાર (ઉ.વ.૪૪) (રહે.શ્રેયાંશ ફ્લેટ ચાંદખેડા) તા.૧૨/૨/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા વિસ્તારમાંથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગની સાડી પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **વેજલપુરઃ** કિશોરભાઈ પોપટભાઈ ચૌહાણ (ઉ.વ.૪૩)(રહે.શ્રીકૃષ્ણનગરી મકરબા રોડ વેજલપુર) તા.૮/૨/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે જીવરાજપાર્ક જીવનકલા સોસાયટી (સાસરી) નજીકથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. રાખોડી રંગનુ લીટીવાળુ શર્ટ અને પેન્ટ પહેર્યુ છે. ડાબા હાથની કલાઈ ઉપર છુંદણાથી અંગ્રેજીમાં એ કે કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે.(વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |